
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૪૦ ટકા

# કર્ણાવતી યુનિવર્સિટીના ઓડિયો વીડિયો રૂમમાં આગ : બે દાઝયા

## યુનાઇટેડ વર્લ્ડ ઇન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઇન બિલ્ડીંગના બીજા માળે અચાનક લાગેલી આગથી ભારે નાસભાગ : રૂમમાં મિસ્ત્રી કામ ચાલુ હતું ને આગ લાગી : દાઝી ગયેલા બે મિસ્ત્રીને હોસ્પિટલ લઈ જવાયા : બે કલાકે આ કાબુમાં આવી : ઓડિયો વીડિયો રૂમ બળીને ખાખ







ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક ઉવારસદ ખાતે સ્થિત કર્ણાવતી યુનિવર્સિટીના યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈનના બિલ્ડીંગમાં બીજા માળે આવેલા રૂમમાં આજે બપોરે અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે નાસભાગ મચી જવા પામી હતી. ઓડિયો વીડિયો રૂમમાં જ્યારે આગ લાગે ત્યારે આ રૂમમાં મિસ્ત્રી કામ ચાલી રહ્યું હતું અને આગ લાગતાં જ ચાર મિસ્ત્રી પોતાનો જીવ બચાવવા ભાગ્યા હતા. જે પૈકી બે મિસ્ત્રી દાઝી જતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. તો બીજી તરફ ફાયરબ્રિગેડને આ ઘટના અંગે જાણ કરી બોલાવી લેવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને બે કલાકની જહેમતે આગને કાબૂમાં લીધી હતી. આ ઘટનામા આખો ઓડિયો વીડિયો રૂમ બળીને ખાખ થઈ ગયો હતો. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

ઉવારસદમાં આવેલી કર્ણાવતી યુનિવર્સિટીમાં બિલ્ડિંગમાં યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટ્યુટ ડિઝાઈન ચાલે છે. આ બિલ્ડિંગમાં બીજા માળે ૧૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવો ઓડિયો-વીડિયો રૂમ આવેલો છે. આ રૂમમાં મિસ્ત્રી કામ ચાલી રહ્યું હતું અને ચાર મિસ્ત્રીઓ આજે સવારે અહી કામ કરી રહ્યાં હતા. સવારે ૧૧ વાગ્યાના અરસામાં કોઈ કારણોસર આ ઓડીયો-વિડીયો રૂમમા આગ લાગી હતી. આગને પગલે આખા રૂમમાં ધુમાડો-ધુમાડો થઈ ગયો હતો જેને પગલે ચારેય મિસ્ત્રીઓ પોતાનો જીવ બચાવીને બહાર દોડી આવ્યા હતા. ચાર પૈકી બે મિસ્ત્રી આ ઘટનામાં દાઝી જવા પામ્યા હતા. દોડાદોડમા એક મિસ્ત્રી સામાન લેવા જતા પડી ગયો હતો અને મોઢા અને હાથના ભાગે દાઝી ગયો હતો. આ ઘટનામાં દાઝી ગયેલા ૩૦ વર્ષિય જનકનાથ દિપનાથ ગોસ્વામી અને ૩૫ વર્ષિય દિનેશકુમાર પ્રતાપરામ કુમાવત બંનેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સાંજે જનકનાથને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. જ્યારે દિનેશકુમાર હજુ હોસ્પિટલમાં દાખલ હોવાનુ જાણવા મળ્યુ છે. આ ઘટનાને અંગે સાડા અગિયાર વાગ્યે ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. જો કે, આગ એટલી ભીષણ હતી કે ફાયરબ્રિગેડને આગને કાબુમાં લેતા બે કલાક જેટલો સમય લાગ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ બિલ્ડિંગમાં હાજર તમામ સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી અને તમામના જીવ તાળવે ચોંટી ગયા હતા. આગ લાગવા પાછળનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી પરંતુ પ્રાથમિક દૃષ્ટિએ શોર્ટ સર્કિટથી આ આગ લાગી હોવાની શક્યતા છે. બીજી તરફ આગને પગલે નીકળતા ધુમાડા એક કિલોમીટર દૂરથી પણ દેખાતા હોવાથી આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી.





ગોપાલક વિદ્યા સંકુલ ગાંધીનગરમાં આજે ખાણી પીણી બજારની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



સોળમી ઓલ ઈન્ડિયા કેન્સર કેર પ્રોગ્રામ આર્ટ ઓફ લિવિંગ ઈન્ટર નેશનલ સેંટર બેંગલોર ખાતે તારીખ ૭ થી ૯ સુધી યોજાયેલ. જેમાં ગાંધીનગરના નશા મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ બ્રેસ્ટ કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજનાર ગુલાબચંદ પટેલને નિમંત્રણ મળતા ઉપસ્થિત રહ્યા હતા અને કેન્સર અવેરનેસ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા, તેઓ 'રેસ ઈન રેન ટ્રસ્ટ' મુંબઈ અને ગાંધીનગરના ફોઉન્ડર મેમ્બર છે. તેમણે રેસ ટીમને સ્ટેજ પર આમંત્રિત કરી 'કેન્સર સે લડેંગે હમ જીત હમારી હોગી' ગીત હિન્દીમાં રજુ કર્યું હતું.

આ કાર્યક્રમમાં ઢાકા, મલેશિયા, કેરલ, ગુજરાતના જામનગરથી તેમજ આસામ, બિહાર, દિલ્હી, મુંબઈ, અમદાવાદ, વિગેરે ભારતભરમાંથી કેન્સર અવેરનેસનું કામ કરતી સામાજિક સંસ્થાઓ, ડોક્ટર, સામાજિક કાર્યકર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# સે-૫માં છાતીમાં છરો ભોંકીને મિત્રની હત્યા કરનાર શખ્સ સેન્ટ્રલ જેલ હવાલે

## હત્યા માટે વપરાયેલો લોહીભીનો છરો પોલીસે જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ ખાતે મહાકાળી માતાજીના મંદિર સામે બે દિવસ અગાઉ રાત્રિના સમયે પ્રેમીકાનો ફોટો બતાવવા જેવી નજીવી બાબતે કિશોર વયનાં મિત્રને છાતીના ભાગે છરો ભોંકીને યુવાને તેની કરપીણ હત્યા કરી નાંખી હોવાની ઘટના બની હતી. આ પ્રકરણમાં પોલીસે હત્યારા યુવાનની સ્થળ પરથી ધરપકડ કરી લીધી હતી. હત્યા કરવા માટે વપરાયેલો લોહીભીનો છરો જપ્ત કરી સે-૭ પોલીસે આરોપીને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દીધો છે.



બે દિવસ અગાઉ રાત્રે સે-૩ માં રહેતો ૧૭ વર્ષિય કિશોર જીગર ચૌહાણ સેક્ટર-૫ બી ખાતે આવેલા મહાકાળી માતાજીના મંદિર સામે ગયો હતો ત્યારે જીગરને સે-૪ સી ખાતે રહેતા તેના મિત્ર દીપક મગનભાઈ વાઘેલાએ કોઈ કારણોસર ઝઘડો થતાં છાતીના ભાગે છરો ભોંકી દીધો છે. મિત્ર દીપકે જિગરના છાતીમાં છરો ભોંકી તેની કરપીણ હત્યા કરી નાખી હોવાનું ધ્યાને આવતા દાદા ભાનુપ્રસાદે આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકમાં દીપક સામે હત્યાની ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને હત્યા બાદ સ્થળ પર જ ઉભા રહી ગયેલા દીપકની ધરપકડ કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળેલુ કારણ જોયા હત્યા સાવ નજીવી બાબતે કરી દેવાઈ હતી. હત્યારો દીપક વોટ્સએપ વાપરતો નહોતો. દિપક તેની પ્રેમિકા સાથે વાતચીત કરવી હોય ત્યારે ક્યારેક તેના મિત્ર જીગરના મોબાઈલથી વોટ્સએપ પર વાત કરી લેતો હતો. અગાઉ દિપક એ જિગરના મોબાઈલથી વાતચીત કરી હશે તે દરમિયાન એકાદ ફોટોની આપ-લે થઈ હતી. દીપકની પ્રેમીકાનો ફોટો જીગરે ડીલીટ કર્યો ન હતો. પ્રેમીકાનો ફોટો જીગર તેના મિત્રોને પણ બતાવતો હતો તેવી જાણ દીપક ને થતા દીપકે જીગરને છરો ભોંકી દીધો હોવાનું પોલીસને જાણવા મળી રહ્યું છે. મૃતક જીગરના દાદાની ફરિયાદને આધારે દિપક સામે ગુનો દાખલ કરી પોલીસે દીપકની ધરપકડ કરી લીધી હતી. પોલીસે આરોપીએ ગુનામા વાપરેલો છરો જપ્ત કરી તેને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને સેન્ટ્રલ જેલ હવાલે કરવા આદેશ આપતા પોલીસે આરોપીને સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધો છે.

# સેક્ટર-૧૧ માંથી પ્રિન્ટરના બનાવટી કાર્ટીઝ વેચતા બે વેપારીઓ ઝડપાયા

## એચપી કંપનીના બનાવટી કાર્ટીઝ વેચતા બે વેપારીઓ પાસેથી ૯ કાર્ટીઝ જપ્ત

ગાંધીનગર, તા.૧૨

કોમ્પ્યુટરને લગતા પાર્ટ્સ બનાવતી એચપી કંપનીના કલકત્તા સ્થિત અધિકારીએ બાતમીના આધારે પોલીસને સાથે રાખીને ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ મેઘ મલ્હાર કોમ્પલેક્ષમાં અને સુમન ટાવરમાં એમ બે દુકાનો પર દરોડા પાડયા હતા. સે-૧૧માં બે દુકાનોમાં દરોડા પાડીને એચપી કંપનીના પ્રિન્ટરના બનાવટી કાર્ટીઝ સાથે બે વેપારીઓને દબોચી લેવામાં આવ્યા હતા. એક દુકાનમાંથી ૭ નંગ અને બીજી દુકાનમાંથી ૨ નંગ બનાવટી કાર્ટીઝ જપ્ત કરીને એચપી કંપનીના અધિકારીએ સેક્ટર-૭ પોલીસ મથકમાં બંને વેપારીઓ સામે ફરિયાદ આપતા પોલીસે કોપી રાઈટનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

જાણીતી એચપી કંપની માટે કામ કરતી આઉટર્સોસિંગ કંપનીમાં મેનેજર તરીકે સમીર વિશ્વાનાથ શો ફરજ બજાવે છે. જેનુ કામ એચપીની બનાવટી પ્રોડક્ટના વેચાણ પર નજર રાખી દરોડો પાડીને કાર્યવાહી કરવાનું છે. તેમને મળેલી માહિતીના આધારે મેનેજર સમીર શો અને માર્કેટ સર્વેયરે સેક્ટર-૭ પોલીસને સાથે રાખીને સેક્ટર-૧૧ માં બે દુકાનો પર રેડ કરી હતી. જેમાં સુમન ટાવર ખાતે આવેલી ધ ગ્રેસ કોમ્પ્યુટર કેર દુકાનમાં દરોડો પાડી સે-૨૦માં રહેતા વેપારી ધર્મેન્દ્ર જગદીશભાઈ સોલંકીની આ દુકાનમાંથી એચપી કંપનીના ૭ બનાવટી કાર્ટિઝ મળી આવ્યા હતા જેની કુલ કિંમત રૂ.૩૮,૮૭૭ થાય છે. આ માલ કબ્જે કરાયો હતો. તો બીજી તરફ મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ ખાતે આવેલી ભવાની કોમ્પ્યુટર નામની દુકાનમાં દરોડો પાડીને જીઈબી કોલોનીમાં રહેતા કૃણાલ કમલભાઈ સિદ્ધપુરાની દુકાનમાંથી ૯,૮૬૫ની કિંમતના બે કાર્ટિઝ જપ્ત કરાયા હતા. મેનેજરની ફરિયાદને આધારે બંને વેપારીઓ વિરૂદ્ધ કોપીરાઈટ એક્ટની કમલ ૬૩ મુજબ ગુનો નોંધીને સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગાંધીનગર શહેરમાં આજે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ડિસેમ્બર-૨૦૧૮ની અંતિમ તારીખ સુધીમાં જિલ્લામાં ચાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે બલરામ મંદિર પરિસર હોલ, કલેકટર કચેરીની સામે, સેકટર-૧૨ ભરતી મેળો યોજાશે. તેમજ કલોલ ખાતે તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના રોજ સરકારી ટેકનીકલ સંસ્થા, પોલીસ સ્ટેશનની સામે, કલોલ અને દહેગામ ખાતે તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ માહસુખલાલની વાડી, બરફની ફેકટરીની બાજુમાં, પેટ્રોલ પંપની સામે, દહેગામ ખાતે ભરતી મેળો યોજાશે. તા. ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ જી.આઈ.ડી.સી હોલ, અમદાવાદ- મહેસાણા હાઈવે, છત્રાલ ખાતે આ ભરતી મેળો યોજાશે. આ તમામ ભરતી મેળા સવારના ૧૦.૩૦ કલાકે યોજાશે. આ ભરતી મેળામાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, આઈ.ટી.આઈ. ડિપ્લોમા, ગ્રેજ્યુએટ થયેલા યુવાનો ભાગ લઈ શકશે. મેળા આવનાર ઉમેદવારોએ તેઓના બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.




શહેરમાં એક તરફ સ્વચ્છતા અભિયાન અંગે અઢળક વાતો કરવામાં આવી અને હવે કચરાના નિકાલને પણ પર્યાવરણીય કારણોસર લીલો-સૂકો કચરો અલગ ઉઘરાવવા સુધીની વ્યવસ્થા ગોઠવવા પ્રયાસ કરાઈ રહ્યો છે પરંતુ બીજી તરફ શહેરમાં જાહેરસ્થળો પર મુકવામાં આવેલા વેસ્ટ કન્ટેનર્સ ઉભરાઈ ગંદકીના ઢગ ખડકાઈ ના જાય ત્યાં સુધી ખાલી કરવાની તસ્દી સુધ્ધાં લેવાતી નથી. વળી, આ ડસ્ટબીનો ગાયો ફેંદતી હોવાથી ડસ્ટબીનની આસપાસ કચરાના ઢગ ફેલાઈને દુર્ગંધનું સામ્રાજ્ય ઉભું કરી રહ્યા છે.

ગાંધીનગરમાં જુના સચિવાલયની બાજુમાં મીનાબજાર ખાતે મુકવામાં આવેલા વેસ્ટ કન્ટેનર જાણે તંત્ર ખાલી કરવાનું ભૂલી જતું હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. આ વિસ્તારની ડસ્ટબીનો કયાંક તો આડી પડેલી છે તો કયાંક કચરાથી એટલી ઉભરાઈ રહી છે કે તેના કારણે વધુ ગંદકી ફેલાઈરહી છે અને સાથે દુર્ગંધ સહિત રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવનું સ્થાન બની રહી છે. આ ખુલ્લા ડસ્ટ કન્ટેનરો ઉભરાવાના પગલે રખડતી ગાયો તેમાં ખોરાક શોધવા મથતી હોવાથી તેમાં રહેલો કચરો કન્ટેનર્સની આસપાસ ફેલાઈ વધુ ગંદકીનું નિર્માણ કરી રહ્યા છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલની વિદ્યાર્થીનીઓ પ્રકૃતિ શિબિરની મુલાકાતે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલની વિદ્યાર્થીનીઓએ તા. ૧૦-૧૨-૨૦૧૮થી તા. ૧૧-૧૨-૨૦૧૮ સુધી ૨ દિવસ ગીર ફાઉન્ડેશન આયોજીત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લેવા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે રોકાયેલ જેમાં ધો-૭ અને ૮ની કુલ ૪૮ વિદ્યાર્થીનીઓ તથા શાળાના મદદનીશ શિક્ષિકા સરિતાબેન ત્રિપાઠી તથા શિલ્પાબેન ત્રિવેદીએ ભાગ લીધો હતો. જેમાં ગીર ફાઉન્ડેશનના કર્મચારી તુષારભાઈ દવેએ ટ્રેકીંગ, વન ઔષધની ઓળખ, પક્ષીઓ વિશે જાણકારી તથા સંત સરોવર અને નદીના પટની મુલાકાત દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.



# સેક્ટર-૩ ન્યુ ખાતે નીલગાયનો ત્રાસ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં નીલગાયનો ત્રાસ રોજબરોજ વધી રહ્યો છે. નગરના મુખ્યમાર્ગો પરથી નીલગાય સેકટરોના આંતરીક માર્ગો સુધી પહોંચી ગઈ છે. જયારે કેટલાક સેકટરમાં તો રહેણાંક વિસ્તારના ઘરોમાં નીલગાય ડોકીયા કરે છે. દિવસ દરમિયાન આમથી તેમ ગમે ત્યાં દોડાદોડ કરી નીલગાય અકસ્માત સર્જે છે. જયારે નીલગાયને પગલે શહેરીજનોની બે પૈંડા પરની જીંદગી જોખમાઈ રહી છે. ગમે ત્યારે માર્ગ વચાળે અચાનક આવી જતા નીલગાયને પગલે અકસ્માત પણ સર્જાય છે. ત્યારે સેકટર-૩ ન્યુ ખાતે નીલગાયનો ત્રાસ વધતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

ગાંધીનગર શહેરનો રોકેટ ગતિએ વિકાસ થવા પામ્યો છે. શહેર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. વિકાસના નામે જયાં નજર કરો ત્યાં ક્રોંક્રિટના જંગલો જોવા મળી રહ્યા છે. ત્યારે વન્ય વિસ્તારમાં રહેતા પશુ-પક્ષીઓ સહિત પ્રાણીઓની હાલત કફોડી થવા પામી છે. નીલગાય સેકટરોમાં ફરતી થઈ ગઈ છે, જયારે ગમે ત્યારે આવી જતા નીલગાયને પગલે નાના મોટા અકસ્માત સર્જાય છે જેમાં વાહન ચાલકને નાની મોટી ઈજાઓ પહોંચે છે. જયારે નીલગાયને પણ અકસ્માતમાં ઈજાઓ પહોંચે છે. સેકટર-૩ ન્યું આસપાસ વન્ય વિસ્તાર હોવાથી નીલગાય જોવા મળી રહી છે. રહેણાંક વિસ્તારમાં આવી જતી નિલગાય ગમે ત્યારે ભડકીને દોડતા સામેથી આવતા વાહનો સાથે અકસ્માત સર્જાય છે. જેથી વાહનચાલકને નાનીમોટી ઈજાઓ પહોંચે છે. જયારે વાહનોનો પણ ભુક્કો બોલી જાય છે. ત્યારે સેકટર-૩ ન્યુ ના આંતરીક માર્ગ પર દોડતી નીલગાયને પગલે વસાહતીઓમાં ભય ફેલાયો છે. જયારે નીલગાયને પગલે તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

# લગ્નોની ભરમારના પગલે સાંજે વહેલી ખાલી થતી સરકારી કચેરીઓ...!!!

## નોકરી અને સંબંધ બંને સચવાય તે માટે કર્મચારીઓનું વહેલા જવા સહકર્મીઓ સાથે 'સેટીંગ'

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં લગ્નસરાની સીઝન એટલી પૂરબહારમાં ખીલી છે કે જેની સીધી અસર સચિવાલયમાં કર્મચારીઓની હાજરી પર પડવા પામી છે. શહેરમાં તા. ૧૧, ૧૨, અને ૧૩ ડિસેમ્બર દરમિયાન અઢળક સંખ્યામાં લગ્ન સમારંભો હોવાને કારણે આ સ્થિતિ સર્જાવા પામી છે. મોટાભાગના લગ્ન સમારંભોના જમણવાર પણ સાંજના હોવાને કારણે જમણવારમાં સમયસર પહોંચવા માટે કર્મચારીઓ સાડા પાંચ પછી કાર્યાલયો છોડી જતા જોવા મળ્યા હતા.

કમૂરતાં પહેલા લગ્ન સીઝનનું છેલ્લું સપ્તાહ ચાલી રહ્યું છે. શહેરમાં અગણિત સંખ્યામાં લગ્ન સમારંભના આયોજન થયેલા જોવા મળી રહ્યા છે. આ સમારંભોના પગલે જૂના-નવા સચિવાલય સહિત તમામ સરકારી કચેરીઓના મોટાભાગના કર્મચારીઓને એકથી વધુ આમંત્રણ આપતી કંકોત્રીઓ મળી છે. કયાંક તો કચેરીના સહકર્મી અથવા કર્મચારીના નજીકના સગા કે મિત્રવર્તુળમાં લગ્નનું આયોજન થયેલું હોય તેવી સ્થિતિ છે જેના પગલે સંબંધ સાચવવા લગ્નમાં હાજરી આપવી અનિવાર્ય બની હોય છે. આ સંજોગોમાં ઓફિસમાં રજા પાડયા વિના લગ્ન સમારંભમાં હાજરી આપવા કે ભોજન સમારંભમાં જવા સહકર્મીઓ સાથે સુમેળ સાધી સાંજે ઓફિસેથી વહેલી નીકળી જવાનું 'સેટીંગ' કરવું પડી રહ્યું છે. શિયાળાનો સમય હોવાથી સાંજના જમણવારનો સમય પણ વહેલો રખાતો હોવાને કારણે આ સ્થિતિ સર્જાઈ રહી છે. વળી, જો બપોરનો જમણવાર હોય તો ચાલુ નોકરીએ વચ્ચે એકાદ કલાકની છૂટ મેળવી હાજરી આપવા જવાનું ગોઠવી દેવામાં આવે છે જેથી નોકરી પણ સચવાય અને સંબંધ પણ સચવાય. આ સ્થિતિના નિર્માણ પાછળ હજુ હમણાં જ દિવાળીમાં ફરવા જવા લીધેલી રજાઓ પણ જવાબદાર બની રહી છે.

### સાંજે લગ્નમાં જવાનું હોવાથી નવા કપડાં પહેરીને જ ઓફિસમાં આવ્યા

જૂના સચિવાલયમાં કેટલીક મહિલા કર્મચારીઓ તો હાથમાં મહેંદી સાથે લગ્ન સમારંભમાં પહેરવાના ઝાકમઝોળ ભર્યા વસ્ત્રો પહેરીને આવી હતી. તેમને પુછતા માલુમ પડયું હતું કે સાંજે ઓફિસેથી સીધા લગ્ન સમારંભમાં જવાનું હોવાથી સમય ના બગડે તે માટે નવા કપડાં જ પહેરીને આવ્યા છીએ અને મેકઅપનો સામાન પર્સમાં સાથે લઈ લીધો છે.

### ચિરવિદાય

- સ્વ. ભરવાડ તભુભાઈ નાગજીભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. ખાંટ બબાજી મણાજી, ઉ.વ. ૫૫
- સ્વ. ઠાકોર ડાહ્યાજી બળદેવજી, ઉ.વ. ૭૦
- સ્વ. પટેલ કચરાભાઈ શીવાભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. પટેલ રઈબેન દશરથભાઈ, ઉ.વ. ૭૬